# Theme: Quality Concern in Higher Education

## (ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા)

## Sub Theme: Reforms in Examination

## (પરીક્ષા સુધારણા)

Dave Vasumati Uday
(M.A., M.Ed.)
M.C.B. & K.J.T.B.Ed. College
Sola, Ahmedabad.
Ph.: 9925272794

## સારાંશ

સમગ્ર સૃષ્ટિની સમસ્યાઓ હલ કરવા બૌદ્ધિક જ્યારે ગંભીરતાથી વિચારે છે ત્યારે અંતે કેળવણી પર આવીને અટકે છે.

કષ્ટદાયક, સીધા ચઢાણવાળી, પગલે-પગલે મૂંઝવનારી પરંતુ આનંદના શિખર સમી મનુષ્યના સુપેરે પૂર્ણ કરવા કેળવણી આપણ માટે ભોમિયાની હથિયારની અને ટેકણ લાકડીની ગરજ સારે છે. આપણી સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે કેળવણી જરૂરી છે. ઉત્તમતા તરફ જવું એ સંસ્કૃતિનું લક્ષણ છે. આવી સંસ્કૃતિની જાળવણી કરતી કેળવણી વિશે વિચારવાનો સમય પાકી ગયો છે.

સ્વતંત્ર થયા પછી પણ અંગ્રેજોએ ગોઠવેલ શિક્ષણપદ્ધતિના માળખામાં ખૂબ ઓછા ફેરફાર થયા છે. આપણી શિક્ષણપ્રથામાં શિક્ષણ અને પરિક્ષણને છૂટા પાડી દેવામાં આવ્યા છે. વ્યક્તિનું સાચું મૂલ્યાંકન કરવામાં આજની પદ્ધતિ તદ્દન નિષ્ફળ બને છે અને પરીક્ષા વિષયક અનેક સમસ્યા પેદા થઈ છે જેમ કે, પ્રશ્નપત્રને લગતી સમસ્યા, પરીક્ષણને લગતી સમસ્યા, પરીક્ષાખંડની સમસ્યા, નાણાંકીય સમસ્યા. આ સમસ્યઓને ઉકેલવા અને પડકારને ઝીલી નવી આદર્શ પરીક્ષા પદ્ધતિ વડે પરીક્ષા લઈ મૂલ્યાંકનને વિશ્વસનીય બનાવી શકાય.

આદર્શ પરીક્ષા પદ્ધતિના લક્ષણોને ધ્યાનમાં લઈ નવી પદ્ધતિ મુજબ પરીક્ષા લેવાય તો પરીક્ષાના હેતુઓનું સંરક્ષણ અને સંવર્ધન થઈ શકશે.

A study paper is to be read at Quality Concern in Higher Education instruction, to be held in Shree Sahajanand Arts & Commerce College, Ahmedabad – 15, December 20, 2009.

# Theme: Quality Concern in Higher Education

## (ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા)

## Sub Theme: Reforms in Examination

## (પરીક્ષા સુધારણા)

### પ્રસ્તાવના :

સમગ્ર સૃષ્ટિની સમસ્યાઓ હલ કરવા બૌદ્દિકો જ્યારે ગંભીરતાથી વિચારે છે ત્યારે અંતે કેળવણી પર આવીને અટકે છે. કહેવાયું છે :

अन्यक्षेत्रे कृतं पापं धर्मक्षेत्रे विनष्यति ।

धर्मक्षेत्रे कृतं पापं वज्रमेवो भविष्यति ।।

આવા વજ્રપાતથી બચવા અને કષ્ટદાયક, સીધા ચઢાણવાળી, પગલે-પગલે મૂંઝવનારી પરંતુ આનંદના શિખર સમી મનુષ્યયાત્રા સુપેરે પૂર્ણ કરા કેળવણી આપણા માટે ભોમિયાની હથિયારનીઅને ટેકણ લાકડીની ગરજ સારે છે. આપણી સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે કેળવણી જરૂરી છે. ઉત્તમતા તરફ જવું એ સંસ્કૃતિનું લક્ષણ છે. આવી સંસ્કૃતિની જાળવણી કરતી કેળવણી વિશે વિચારવાનો સમય પાકી ગયો છે.

સ્વતંત્ર થયા છતાં અંગ્રેજોએ ગોઠવેલ શિક્ષણપદ્ધતિના માળખામાં નહિવત્ ફેરફાર થયા છે. વ્યક્તિનું સાચું મૂલ્યાંકન આપણી પરીક્ષાથી થઈ શકતું નથી. આપણી યુનિવર્સિટીઓ દ્વારા લેવાતી પરીક્ષા મુખ્ય ઉદ્દેશ આ મુજબ છે.

અધ્યાપક અને અધયયનકર્તા દ્વારા થતા અધ્યાપન-અધ્યયનની ચકાસણી કરી તેમને વધુ અભ્યાસ કે જીવનના સંગ્રામ માટે કટિબદ્ધ કરવા.

આ ઉદ્દેશ પૂર્ણ કરવા આજની આ પરીક્ષા પદ્ધતિ સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. એમ સમાજના મોટાભાગના વ્યક્તિઓનો સૂર છે. કેટલાક આવી પરીક્ષાઓ નેસ્તનાબૂદ કરવાની વાત કરી રહ્યા છે ત્યારે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને વિદ્યોપસના તરફ પ્રેરણા આપતી અને તેમા પર એક પ્રકારનું નિંયત્રણ રાખતી આ પરીક્ષા પદ્ધતિ નિયંત્રણના સાધન તરીકે અત્યંત આવશ્યક હોવાથી પરીક્ષા પદ્ધતિમાં સુધારા કરીને પણ આ પ્રથા ચાલુ રાખવી જોઈએ આ પરીક્ષા પદ્ધતિની સમસ્યાઓ અને પરીક્ષાની સુધારણાર્થે નવી પદ્ધતિ જોઈએ તે પહેલાં આ અભ્યાસા હેતુઓ જોઈએ.

**અભ્યાસના હેતુઓ :**

1) ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારણાના પરીપ્રેક્ષ્યમાં પરીક્ષા સુધારણા માટે પરીક્ષાની સમસ્યાઓ જાણવી
2) પરીક્ષાની સમસ્યા જાણીને તે સંદર્ભમાં તેનો ઉપાયો વિચારવા.
3) પરીક્ષા સુધારણાના સંદર્ભમાં નવી આદર્શ પદ્ધતિ વિશે જાણકારી મેળવવી.

**પરીક્ષા વિષયક સમસ્યાઓ :**

આજની પરીક્ષાપદ્ધતિ વિદ્યાર્થીના લેખનકાર્યના પ્રભુત્વ અને ટૂંકી, સમજ વગરની સ્મરણશક્તિ કે યાદશક્તિની ચકાસણી કરતી જોવા મળે છે. સમાજમાં મોભો અને આર્થિક ઉપાર્જન માટે ડિગ્રી મહત્ત્વની હોવાથી વિદ્યાર્થી ઝનૂની બની વધુ ગુણ મેળવવા યેન-કેન ઉપાયો અજમાવે છે જે પરીક્ષાતંત્રની સમસ્યાઓ વધારે છે. વિદ્યાર્થીની ઝનૂની વૃત્તિનો પરિચય પરીક્ષાનું પ્રશ્નપત્ર તૈયાર થાય ત્યાંથી પરિણામ તૈયાર થાય ત્યાં સુધી વ્યાપેલુ હોય છે. જે પરીક્ષાને લગતી સમસ્યાને વિકટ બનાવે છે. આ પરીક્ષાને લગતી કેટલીક નીચે જેવી સમસ્યાઓ વધુ સતાવે છે.

- પ્રશ્નપત્રને લગતી સમસ્યા :
  જેમાં પ્રશ્નપત્રની ગોપનીયતા અંગની સમસ્યા મુખ્ય છે.
- પરીક્ષાખંડને લગતી સમસ્યા :
  અહીં પરીક્ષામાં ચોરી મુખ્ય મુદ્દો છે.

- પરીક્ષણને લગતી સમસ્યા :
  મૂલ્યાંકનમાં અવિશ્ર્વસનીયતા અને પરીક્ષાર્થીને અન્યાય તે બાબત સમસ્યારૂપ છે.
- નાણાંકીય સમસ્યા :
  ભારત દેશને સર્વ ક્ષેત્રમાં નડતી આ સમસ્યા અહીં પણ છે.
  પરીક્ષામાં જોવા મળતી ઉપરોક્ત સમસ્યા દૂર કરવા પરીક્ષા પદ્ધતિની સુધારણા માટે વિવિધ યુનિવર્સિટીમાં પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. પરંતુ હજુ તેના ઘણી પ્રગતિ કરવાની જરૂર છે આ માટે નવી પરીક્ષા પદ્ધતિ અપનાવવી જોઈએ.

<u>નવી આદર્શ પરીક્ષા પદ્ધતિ :</u>

આદર્શ પરીક્ષા પદ્ધતિના લક્ષણો નીચે મુજબના હોઈ શકે.

- ચોક્કસ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને તટસ્થ મૂલ્યાંકન,
- કોઈપણ પ્રકારની ગેરરીતિને સ્થાન ન મળે તેવી પરીક્ષા પદ્ધતિ,
- પરીક્ષાર્થીને સંપૂર્ણ ન્યાય અપાવે તેનું સાચુ મૂલ્યાંકન કરે તેવી પરીક્ષા પદ્ધતિ.
- આ પરીક્ષાપદ્ધતિ અધ્યાપક અને અધ્યયનકર્તા બંને ને જ્ઞાનપિપાસુ બનાવે તેવી હોય.
- સમગ્ર અભ્યાસક્રમ ઉદ્દેશોને અને વ્યાવહારિકતાને ધ્યાનમાં રાખી ઘડાય.
- મૂલ્યાંકનના ઝડપી પરિણામો આપી સમગ્ર સમાજ અને વિદ્યાર્થી આલમને સંતોષ આપે તેવી હોય.
- આર્થિક રીતે વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટીઓને પરવડે તેવી હોવી જોઈએ.
  ઉપરોક્ત આદર્શ પરીક્ષા પદ્ધતિના લક્ષણોને આધારે સૂચવાયેલ નવી પરીક્ષા પદ્ધતિની રૂપરેખા જોઈએ.

**<u>નવી પદ્ધતિની રૂપરેખા :</u>**

કોઈપણ પરીક્ષા સંપૂર્ણપણે આદર્શ હોતી નથી. છતાં આ પદ્ધતિ હાલની પરીક્ષા પદ્ધતિની સમસ્યા ઉકેલવામાં ખૂબ સહાયક થાય તેમ છે. તે નીચે મુજબ છે.

1) પરીક્ષા કલાક કે દોઢ કલાકની હોય.
2) કલાકની પરીક્ષામાં 100 અને દોઢ કલાકની પરીક્ષામાં 150 જેટલા પ્રશ્નો પૂછી શકાય.
3) પ્રશ્નોની વિકલ્પનિર્ધારણલક્ષી (Multiple Choiceને લગતાં) હોય. મોટે ભાગે વિદ્યાર્થી એક મિનિટમાં એક પ્રશ્ન કરી શકે આથી કોઈપણ વિદ્યાર્થી સહેલાઈથી બધા જ પ્રશ્નો પૂરા ન કરી શકે અને તે પૂરા કરવા ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર રહે. આથી આસપાસ ડોકોળિયા મારવાનો સમય ન રહે.
4) એક જ પ્રશ્નપત્રના પાંચ અથવા તેથી વધારે રૂપાંતરો કે આવૃત્તિઓ કાઢી શકાય. જેમ કે, પ્રશ્નપત્રમાં પ્રશ્નનો અનુક્રમ બદલી નાખવામાં આવે એક પ્રશ્ન પેપરમાં પહેલો તો બીજા પેપરમાં છેલ્લો, તો વળી બીજા કેટલાકમાં વચ્ચેથી અનુક્રમો શરૂ કર્યા હોય ઓ રીતે એક જ પ્રશ્નપત્રની જુદી જુદી આવૃત્તિઓ પરીક્ષા હોલમાં હોય ત્યારે સામૂહિક ચોરી અશક્ય બને.
5) પ્રત્યુત્તરો Computer Cards પર આપવાના હોય જેથી ઉત્તરવહીઓની જરૂર ન પડે અને સ્ટેશનરીનો બચાવ થાય.
6) પ્રત્યુત્તરો Computer Cards આવૃત્તિઓ મુજબ જુદા જુદા કોડનાં હોય.
7) કોમ્પ્યૂટર કલાકના આવા હજાર કાર્ડ પ્રમાણે કામ કરે છે. આથી 24 થી 72 કલાકમાં પાંચથી દસ હજાર વિદ્યાર્થીઓના પરિણામો જાહેર કરી શકાય. પરીક્ષાતંત્રમાં ઓછી માનવશક્તિ વપરાય ફાજલ કર્મચારીને બીજા જરૂરી કામે વળગાડી શકાય.
8) આવી પરીક્ષામાં Copy કરવા સાહિત્ય લાવે તો પણ ફાયદાને બદલે સમયમર્યાદાને લીધી નુકશાન જ થાય.
9) કોઈપણ અભ્યાસક્રમને લગતાં 400 જેટલા પ્રશ્નો તૈયાર કરવામાં આવે તેમના હકારાત્મક પ્રશ્નોને નકારાત્મક બનાવીને અને પ્રત્યુત્તરોમાં પણ આ જ પ્રકારના ફેરફારો કરવાથી ઓછામાં ઓછા 16000 પ્રશ્નો થાય જે ગોખવા અશક્ય બને તેની ગાઈડો કાઢવી પણ મુશ્કેલ બને.
10) પ્રશ્નપત્રને Computer Card લઈ કોઈ વિદ્યાર્થી ભાગી જાય તો પણ દરેક પરીક્ષા વખતે જુદા જુદા કાર્ડ વાપરવાના હોવાથી તેનો ઉપયોગ ન થઈ શકે.

**ઉપસંહાર**

આ બધા પ્રયત્નોથી પરીક્ષા પદ્ધતિમાં વિશ્વસનીયતા આવે તો પરીક્ષાના હેતુઓનું સંરક્ષણ અને સંવર્ધન થઈ શકે કોઈપણ પરીક્ષા પદ્ધતિની અને સફળતા અંગ તો તેની સાથે સંકળાયેલ સૌની શુદ્ધનીતિ અને સંનિષ્ઠા પર નિર્ભર છે.

વળી શિક્ષણ પાછળ કરેલ ખર્ચ માનવમૂડીમાં કરેલ રોકાણ છે એમ ગણીએ તો ભવિષ્યમાં તે ખૂબ વળતર આપશે તે બાબતમાં બે મત નથી,

## Reference: સંદર્ભગ્રંથો


1) જાની બળવંત : (1991) **ભારતીય શિક્ષણ વિભાવનાના, મૂળતત્ત્વો:** (સૌરાષ્ટ્ર યુનિ.)
2) જાની બળવંત : (2006) **અધ્યાપન પદ્ધતિ તત્ત્વ અને તંત્ર**, પ્રવિણ પુસ્તક ભંડાર, રાજકોટ
3) જાની બળવંત : (2006) **શિક્ષણ અને પરીક્ષણ**, નવભારત પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદ
4) દવે નિરંજન (2003) **ઉચ્ચશિક્ષણ : ચિંતા અને ચિંતન**, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ